હિંદપુજન

श्री गणेशायनमः

આહ્વાન

મારી ભારતમાડી, આવો આગાડી, બેસોને આસને
બેસોને આસને, ભારત, બેસોને આસને-મારી—૧
આસન બેસો માવડી, આવો મારી માત
લંકા નાની બેટડી, તેને લાવો સાથ-મારી—૨
જન્મ ભૂમિનું માવડી, તે જનનીજ સમાન,
પૂજું તારા પાવલું, પામું સુખ નિધાન-મારી—૩
પૂજનથી તુજને કરું, પ્રસન્ન મારી માત,
આ પૂજનથી ખુશ થઈ, આશીષ દેજો સાથ-મારી—૪

आसनं

જાગો, જાગો, છેલ છેલો— એ રાગ

આવો, આવો, મારા મોંઘાં માડીજી, આસન તમને આપું
સિંહાસને કહો તો સ્થાપું-આવો—૧

સાખી

હીરા પાચેક મોતીડાં, ઝુલ લટકે ચોપાસ
જડેલાં સિંહાસનતણું, આસન આપું ખાસ-આવો—૨

સાખી

આસન પર આરૂઢ થઈ, બેસો મારી માત
પૂજન કરૂં હું ભાવથી, ગંધ પુષ્પ લઈ હાથ-આવો—૩

સાખી

સેવા નથી કરી તાહરી, આજ લગણમેં માત
હવે પસ્તાવો થાય છે, કર્યાં કોટી અપરાધ-આવો—૪

સાખી

સ્વાગતાસન આપું છું, તને બેસવા માટ
ક્ષમા કરી જનની હવે, માફ કરવું અપરાધ-આવો—૫

સાખી

પદ પુષ્પ સેવા અરપવા, હું કરીશ હું નિત્ય
હવે નહિ માવડી, [illegible] -આવો— ૬

સ્નાન

(મારી કુંજને [illegible]) એ રાહ
ષટ્રસ સ્નાન કરો ઉના પાણીએ માત, હું જોઈએ તો માગીને લાવું
તને સ્નાન કરતાં અતિ પવિત્ર થાઉં
માત પૂજનમાં [illegible] થાઉં

પ્રસીદ પ્રસીદ [illegible] માત—ઉઠ [illegible]
તાંબાકુંડીમાંહિ ગંગાનું પાણી
સ્નાન કરવા લોટી સારી આણી
સ્નાન કરો, કરો સ્નાન મારી માત—ઉઠ
તેલફુલેલ પાસે પડયાં છે
અત્તર ભલાં ભલાં આણી મુકયાં છે
તેલ [illegible] સ્નાન [illegible] ભારતની માત—ઉઠ

અંબર

([illegible]) એ રાગ

અંબર આપું માત, ભારત, અંબર આપું માત
જેમાં ભલી ભલી છે ભાત—ભારત
સ્વદેશી મેં સાડી કરાવી, [illegible]
અંગરખાં સુરતનાં [illegible]
શું તને ગમશે નહિ એ માત—ભારત
વિદેશી ન આપું હું [illegible], [illegible] સ્વદેશી સારી
વિદેશી આપે છે [illegible], તેને એ [illegible]
નથી શું એમાં [illegible] માત—ભારત
પાટણના પટકુળ શું આપું; [illegible] પીતાંબર મોટા
સુરતના કારીગર મોટા, [illegible]
સ્વદેશી ત્યારે પહેરો માત—ભારત

આભૂષણ

([illegible]) એ રાગ

આભૂષણ રૂડાં હિંદને આપું, હિંદદેવી તને [illegible] સ્થાપું

સુવર્ણને મોતીઝેરાં હું આપું, ચંદન હાર ગળે તુંજ ધાલું—આ
પગમાંહિ રૂડા સાંકળાં દઉં, હાથમાંહિ કંકણ પહેરાવું—આભુ
મસ્તકમુગટ હીરે જડેલો, કાનમાં ઝુલણો મોતી મઢેલો—આભુ
નાકે રૂડી એક વાળી મોતીની, તારાં જતાં મારે શું છે કમીની
—આભુષણ
આભુષણ પ્હેરો દેવિ રે હિન્દ. થાએ મને જોયા ઘણો આનંદ
—આભુષણ

कुङ्कुं

ચંદન છે શુભ ત્યાગ મુક્ત જનની ગંગા જળે ધાવન
કેસરતી શુભ વાસ મુક્ત જનની તેં પણ મહિ મંડન
એવું ચંદન ચર્ચાને હિન્દભૂમિ કસ્તુરીવાળું સદા
કુંકું પણ શુભગાત્ર મુક્ત અરપું, માતા તને હું સદા
ચંદનને કસ્તુરી સુગંધ અતિ ઘણું, નાંખુ ઘણાં અન્તરો
એવાં ગંધનથી સદા પ્રસન રહી, પાપો બધાંમાં હરો
સદ્બુદ્ધિ શુભ ગુણ પ્રકટ કરજો, માતા સદા તો મને
જનની તું શુભ જન્મભુમી મુજતણી—સેવું સદા હું તને

पुष्पं

[illegible] જેનાથી પ્રભુને શોભવા ચાલી—એ રાહ
[illegible] હેત હિન્દ માતને ધાલુ
[illegible] મોગરાના, ચંપેલીના પણ ભરે
[illegible] ગુલાબના, ફુલડાં ફુલડાં ગોલુંજરે
[illegible] પાંખડીઓ ફુલની માળાઓ

જુઇ જાઇને ચંપાની પણ હું અર્પું તુજને * બીકા—હેતે હિન્દ
છુટાં ઘણા બીજા પુષ્પ માતા, મસ્તકે તુજ અર્પણું,
તુજ પાદર પણ પુષ્પ વિવિધ હેતથી હું રાખુંછું—હેતે

धूपं दीपं

ધનાશ્રી

ધુપ કરૂ હું માત, માડી, ધુપ કરૂં હું માત
એ દીપ પણ તેની સાથે,—માડી,
અગરબ તી સલગાવું સારી સુગન્ધ યુકત છે માત—માડી
બે કોડીઆ ઘીથી ભર્યાં છે. ધૃત તણા દીપ સાથ—માડી
સાક્ષી રૂપ આ અગ્નિ થાશે, તુજ પુજનમાં માત—માડી
ધુપ દીપ જોઇએ દેવોને, તું શું ઉતરતી માત—માડી
ધુપ દીપ મોતીરામ આપે આશીષ, દેજે માત—માડી

नैवेद्यं

ચાલો છઉં નૈવેદ્ય, માડી રે, આરોગોને રસોઇ સારી રે
દાળ ભાત અને શાક કર્યાં છે, સુંદર કઢી સાર,
રોટલી પુરી ફાવેતે જમો તૈયાર છે કંસાર
જોઇએતે માંગીને લેજોરે, શરમાઇ ભુખ્યાન રહેજોરે—ચાલો
વેઢમી પણ તૈયાર કરી છે, શીરો અને શ્રીખંડ
બાસુદી ભરી [illegible] ને કોપરાપાકના ખંડ
જોઇએતો માંગી લેજોરે, દુધપાક હાજર છે [illegible]—ચાલો
મોહનથાળને [illegible]પણ છે [illegible] ખુરમા [illegible]

ખરખડાંઆં થાપડા સેજેમાં શરમાશો નહિ લગાર
કહેતો આગ્રહે મુક્રરે તેમાં નહિ કદીએ ચુકુંરે—ચાલો
શાક ભલી ભાતનાંજ બનાવ્યાં વેગણને વંતાક
ગુવારફળી પાપડી લીલવા, દૂધીને ચણાદાળ,
મોઇએતો ભજીઆં લેજોરે, પાતરાં ઉનાંઉનાં છેજોરે—ચાલો
શુરણનું ખાટીયુંજ બન્યું, બટાકાનું શાક
રાયતું કાકડી કેળાનું છે રાગ ચઢી છે ચાક
ઢોકળાનો સ્વાદ કાઢોરે હલદાં ચાખી દેખાડોરે—ચાલો
ચટની લીલા ધાણાની ખાશો, કારેલાની પણ છે
કારેલાંની જો કડવી લાગતો સહેવા દેજોરે
તેતો નહિ ખાજો માટેરે, મુખ મળશે એને ખારેરે—ચાલો
મારાથી બન્યું તેટલું કીધું, રહ્યું ઘણું, ગયું,
ગરીબ માણસ શું કરી શકું, શકું તેતો કર્યું
મોતીરામે કર્યું છે ભાવેરે, હેતથી તને આરોગાવેરે,

आरात्रिकं.

જયહીંદ જયહીંદ, તું મમ છે માતા—(૨)
સુખતણી તું દાતા, દુઃખીને દે શાતા-જયહીંદ ૧
શીવ અને પ્રતાપ તુજ પેટે જનમ્યા—(૨)
સદા તને સેવીને તનેજ તેઓ નમ્યા—જયહીંદ (૨)
એકાનેક વીરાતણી તું ઉત્પન્ન કર્તા (૨)
અખીલ જગતનું પોષણ તુંજ કરે છે મા-જયહીંદ ૩
ભારત ભુમિકે કોઇ, આર્યભુમી કોઇ કહે છે—(૨)

તુજ પુત્રો છે કાલા, કંઈ કંઈ નામે ભજે–જયહીંદ (૪)
સર્વ જગતમાં માંડી, ભુમિ તારી સારી (૨)
ઘણા િદેશી લોકો રહયા આંખ ફાડી–જયહીંદ–૫
ઉત્તરમા છે હિમાલય પર્વત બહુ મોટો (૨)
અખીલ વિશ્વને વિષે, જેનો નહી જોટો–જયહીંદ–૬
પવિત્ર પાવન નદીઓ ગંગાને જમના [૨]
તાપી અને રેવાજી, એ સૌ તુજ મહીમા–જયહીંદ–૭
વેદ અને ઉપવેદ, ઉપનીષદ જે છે (૨)
તે પણ પ્રતાપ તારા જ્ઞાન અખંડ દે છે–જયહીંદ–૮
તુજ સેવાને માટે શંકર તો જન્મ્યા [૨]
કૃષ્ણ ધર્મ અર્જુનને અનેક વિર થયા–જયહીંદ–૯
ભારતનો છે મોટો મહીમા જે કોઇ ગાશે–(૨)
કહે શુક્લ મોતીરામ સ્વર્ગ સદન જાશે–જયહીંદ–૧૦

मानसिक पूजा अने ध्यान.

લાગે છે નામ અતિ પ્યારૂં, જપું હું નીત્ય હિંદ તારૂં–૧
કરૂં હું માનસિક પુજા, શૈઝી આશીશ દેતું મા–૨
કરી પ્રક્ષાલન પગને, લઉં ચર્ણામૃતજ હું તે–૩
પછી ગંધ અને પુષ્પ, ચઢાવી ચાઉં હું શુદ્ધ–૪
કરૂં હું ધુપ કરૂં હું દીપ, ધરૂં નૈવેદ્ય હું જ સમીપ–૫
ગુંથું હું પુષ્પની માળા, આરોપું કંઠમાં તારા–૬
મનોભાવ રૂપી પાણી, સમર્પું તુને કલ્યાણી–૭
શુભ શબ્દો માળીએ પુષ્પ, સ્તવન રૂપા ગંધથી યુક્ત–૮

२३८१

મુજ અંતરમાં જે અગ્નિ બળે, તેને તું ધુપ માનો હે–૯
દેશોન્નતિ કેરી જે જ્વાળા,તેને દીપ ને માની લેમા–૧૦
હવે નૈવેધ તને હું દઉં, જે માગે તે હું આપી દઉં–૧૧
જેને લોકો કહે સ્વાર્થ, દઊં ભોગ તેનો માત–૧૨
કરો લઉ હું સ્તવન તારું, મુખેથી હીંદ ઊચ્ચારૂ–૧૩
કહી પુત્રો કુપુત્રો થાય, નહી માતા કુમાતા થાય–૧૪
કરજે અપરાધ બધાનું માફ, કહે મોતીરામ જોડી હાથ–૧૫

ध्यानं.

पुत्राणां पर्यंकिका भवति या बाल्ये च तां मातरम् ।
भारतवासीनां सदाम्भवनियः रम्यस्थलं यौवने ॥
वृद्धानां भवति च्यासुखप्रदं विश्रामस्थानं सदा ।
तां वन्दे मम मातरमतिशुभां वन्दे च तां भारतिम् ॥ १ ॥
गंगादिनदिभि स्सदाजलवतिपुण्यैः स्थलैः संयुताम् ।
त्रिशंकोटिजनैश्चयाबलवती पश्चाश्रियोर्येष्टिताम् ॥
मन्वादि ऋषिभिश्चरामकृष्णं राजर्षीभिः सेवितम् ।
तां वन्दे मम मातरमतिशुभांवन्दे चतां भारतिम् ॥ २ ॥
करचरणकृतं वाक्कायजं कर्मजंवा ।
श्रवणनयनजं वा मानस्तवा परार्धम् ॥
विहितम विहितंवा सर्वमेतत्क्षमस्व ।
जयजय हिन्दमाता भारत मातृभूमे ॥ १ ॥
નહિ વિસર્જન તારું કહી કરું હું માત
પણ મુજ હૃદયમંદિરે રાખું સદા હું પાસ, इति विरामम्.